R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ :www.jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to; (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-21 • ISSUE: 01 DATE: 07-01-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## અણ્ણા હજારેની તંદુરસ્તી જોખમાતા ઉપવાસ આંદોલન સ્થગિત



અસરકારક લોકપાલ બિલ લાવવાની તરફેણમાં અણ્ણા હજારેએ મુંબઇ ખાતે ત્રણ દિવસનું ઉપવાસ આંદોલન શરુ કર્યુ હતું.પરંતુ વાઇરલ ઇન્ફેક્સનને કારણે તેમની તબીયત બગડતાં ઉપવાસ આંદોલન સમેટી લેવામાં આવ્યું હતું.મુંબઇની એક ખાનગી હોસ્પીટલમાં તેમને દાખલ કરવામાં આવ્યા હતા. તેમની સારવાર કરતાં તબીબોએ તેમને સલાહ આપી છે કે તેમણે એક મહિના સુધી ઉપવાસ કરવા નહીં.તેઓ હોસ્પીટલમાં એક અઠવાડીયા સુધી સારવાર હેઠળ રહેશે.તેમજ તેમણે ૧૦ દિવસ માટે સંપુર્ણ આરામ કરવાનો રહેશે.તેમની તબિયતને કારણે કોર કમિટિની બેઠક સ્થગિત કરી દેવામાં આવી હતી.

જે લોકપાલ બિલ માટે અણ્ણા ઉપવાસ આંદોલન કરી રહ્યા છે તે લોકપાલ બિલ સંસદમાં રજુ કરવામાં આવ્યું હતું તેમજ સંસદનું આ માટે વિશેષ સત્ર બોલાવાયું હતું પરંતુ તે સંસદ કે રાજ્યસભામાં પસાર થઇ શક્યું નથી. હવે બજેટ બેઠકમાં તે ચર્ચાય તેવી વકી છે.હાલમાં તો સરકાર અને વિરોધ પક્ષોએ ભેગા મળીને આ બિલનો વીટો વાળી દીધો છે.

## અકસ્માતમાં ખ્રિસ્તી યુવાનનું મોત


૩૧મી ડિસેમ્બરે ઉજવણી નિમિત્તે નિકળેલા મુક્તિપુરા ગામના ખ્રિસ્તી યુવક એડીસન પ્રવીણભાઇ ક્રિશ્ચિયનની મધ્યરાત્રીએ કોઇ વાહને અડફેટે લીધા બાદ તેમનું મોત નિપજ્યુ હતું.વહેલી સવાર સુધી તેમની લાશ રસ્તા પર પડી રહી હતી.સવારમાં રસ્તા પર લાશ પડ્યા હોવાનો પોલિસને સંદેશો મળતાં તેની કાર્યવાહી કરતાં લાશની ઓળખ થતાં યુવકના પિતાને તેની જાણ કરવામાં આવી હતી.આ યુવક લેબ.ટેકનીશયન તરીકે કામ કરતો હતો.

## સભા મોકુફીને કારણે સંસદનો કિમતી સમયનો બગાડ

સંસદના ત્રણ સત્રમાં વિવિધ કારણોસર કુલ ૮૦૩ કલાકમાંથી ૨૫૮ કલાકનો સમય વેડફાયો હતો.એટલે ૨૫૮ કલાક કામગીરી થઇ શકી નહોતી.એક અભ્યાસ મુજબ લોકસભા દિવસમાં છ કલાક માટે અને રાજ્યસભા પાંચ કલાક માટે મળે છે.તેનો અર્થ એ થાય કે કામગીરી માટે નીચલા ગૃહ પાસે ૪૩૮ કલાક અને ઉપલા ગૃહ પાસે ૩૬૫ કલાકનો સમય હતો.અભ્યાસ મુજબ બંને ગૃહોમાં આ ઉપલબ્ધ સમયમાંથી લોકસભામાં ૩૦ ટકા જેટલો સમય અને રાજ્યસભામાં ૩૫ ટકા જેટલો સમય સંસદની કામગીરી ખોરવાઇ હતી.૨૦૧૧માં લોકસભાની ૭૦ ટકા કામગીરી થઇ શકી હતી જ્યારે ૨૦૧૦માં આ ટકાવારી માત્ર ૫૭ ટકા હતી.ગયા વર્ષે સંસદમાં વિચારણા અને પસાર થવા માટે ૫૪ બિલ રજુ કરવામાં આવ્યા હતા જેમાંથી ૨૮ બિલ પાસ થઇ શક્યા હતા.૨૦૧૧માં ૧૮ ટકા બિલ માત્ર પાંચ મિનિટના સમયમાં પસાર થયા હતા.હાલમાં સંસદમાં પસાર થવા માટે ૯૭ ટકા બિલો અનામત છે.

સંસદની કાર્યવાહી ચાલવા નહી દેવા માટે વિવિધ વિરોધ પક્ષો દ્વારા તરકીબો યોજાય છે અને તેમની રાજકીય ઇચ્છાશક્તિને મજબુત કરવા માટે સંસદને બાનમાં લેવાય છે.જ્યારે ખરેખર સંસદની કાર્યવાહી ચાલતી હોય ત્યારે ટેલીકાસ્ટમાં દેખાય છે કે સંસદની કાર્યવાહીમાં હાજરી જુજ લાગે છે.

## 'પેઇડ ન્યુઝ' ના દુષણને નાથવા વડાપ્રધાનશ્રીનો અનુરોધ



વડાપ્રધાનશ્રી મનમોહનસિંહે ફ્રી પ્રેસ અંગે સરકારની કટિબધ્ધતા વ્યકત કરતાં જણાવ્યં હતું કે મીડીયાએ તેમના કવરેજમાં સેન્સેસનલિઝમને નિયંત્રિત કરવું જોઇએ અને રાષ્ટ્ર માટે ખરેખર મહત્વના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ.એક અગ્રણી હિન્દી દૈનિકના સ્થાપક દિવંગત પુરણચંદ્ર ગુપ્તાની યાદમાં પોસ્ટેજ સ્ટેમ્પ બહાર પાડી હતી.તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે દેશમાં અનેક નિષ્ણાંતોનો અભિપ્રાય એવો છે કે મીડીયા પર બહારથી કોઇ પ્રતિબંધ લાદવો જોઇએ નહી.તેમનું માનવું છે કે મીડીયાના પ્રતિનિધિઓએ જ હકારાત્મક માર્ગ શોધવો જોઇએ.સંવેદનશીલતા ઘટાડીને નિષ્પક્ષપાતી સમાચારોને પ્રોત્સાહન આપવું જોઇએ.દેશમાં મીડીયા જાતે જ પેઇડ ન્યુઝ જેવા દુષણોને નાથવા સક્ષમ છે.આપણે સ્વતંત્ર થયા ત્યારથી દેશના વિકાસમાં મીડીયાની ભુમિકા અંગે ચર્ચાઓ થઇ છે. અને તે જે રીતે કામગીરી કરે છે તે જોતાં મને વિશ્વાસ છે કે ભારતીય મીડીયા જાતેજ પેઇડ ન્યુઝ જેવા દુષણોને નાથવા સક્ષમ છે.દેશનું મીડીયા એકંદરે સ્વતંત્ર અને જીવંત છે.

ભારતીય મીડીયાએ દેશ માટે ખરેખર મહત્વના મુધ્દાઓનું કવરેજ કેવી રીતે વધારવું તેના પર ધ્યાન આપવું જોઇએ.દેશની લોકશાહી માટે નવી ટેકનોલોજીની સહાયથી ઇલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડીયાની પહોંચ વધે તે ખુબજ સારી બાબત છે એમ તેઓ એ જણાવ્યું હતું.

## ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીને પ્રતિષ્ઠિત ફેર પ્લે એવોર્ડ



ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીને ઇન્ટરનેશનલ સ્પોર્ટસ પ્રેસ એસો. (એઆઇપીએસ)દ્વારા ફેર પ્લે એવોર્ડથી સન્માનિત કરવાનો નિર્ણય લેવાયો છે.આ એવોર્ડ મેળવનાર ધોની પ્રથમ ક્રિકેટર બન્યો છે.૧૩ જાન્યુઆરીએ ઓસ્ટ્રીયાના ઇન્સબર્કમાં યોજાનાર એવોર્ડ સમારંભમાં ધોની હાજર રહી શકશે નહી. જેના કારણે સીડનીમાં સેરેટન હોટલમાં ધોનીને ધાતુનું સ્મૃતિપત્રક આપવામાં આવશે.જ્યારે ઓરિજનલ ટ્રોફી એઆઇપીએસના અધ્યક્ષ જીયાની મુલર દ્વાર ચાર એપ્રિલ,૨૦૧૨માં આઇપીએલના ઉદ્‌ઘાટન દરમિયાન આપવામાં આવશે.

મુલરે જણાવ્યું હતું કે ક્રિકેટ બાદ ફુટબોલ વિશ્વની સૌથી લોકપ્રિય રમત છે.અત્યાર સુધી આ એવોર્ડ મેળવનારા ખેલાડીઓ અન્ય રમતોના હતા.ક્રિકેટમાં ફેરપ્લે એવોર્ડ આપવાથી યુવા ક્રિકેટરમાં ખેલદીલીની ભાવના વિકસસે અને ફિક્સીંગ જેવા વિવાદોથી દુર રહેવા પ્રયત્ન કરશે.ઇંગ્લેંડ સામેની ટેસ્ટ શ્રેણીમાં અમ્પાયર દ્વારા આઉટ જાહેર કરાયાં છતાં ઇયાન બેલને પાછો બોલાવી ને ખેલદીલી બતાવવા બદલ ધોની આ એવોર્ડનો હક્કદાર બન્યો છે.

## ૨૦૧૨નું વર્ષ આર્થિક મંદીની ઝપેટમાં આખા વિશ્વને લપેટશે

૨૦૧૧ નું વર્ષમાં આર્થિક મંદીએ અમેરિકા જેવા દેશને ગંજાવર દેવામાં ધકેલી દીધો છે.યુરોપ અને અમેરીકાની બહારના અને ઝડપથી ઉભરતા દેશો ચીન,ભારત અને બ્રાઝિલ જેવા અર્થતંત્રો પર આર્થિક મંદીની અસરો શરુ થઇ ચુકી છે.ઉત્પાદનોનો વેગ ઘટી રહ્યો છે.ફુગાવાનો દર વધી રહ્યો છે અને મોઘવારી ઝડપથી વધી રહી છે.વૈશ્વિક અર્થતંત્રમાં જોડાયેલા દેશો માટે ફુગાવાના દરને કાબુમાં રાખવા માટે રાજકોષીય ખાધમાં ઘટાડો કરવો અનિવાર્ય છે.૨૦૧૨નું વર્ષ તેજીનો અનુભવ કરે તેવી શક્યતા નહિવત છે. કેટલાંક આંતરરાષ્ટ્રીય વિશ્લેષકો એવું માની રહ્યા છે કે ઇસ્લામિક રાજ્યો જ્યાં ક્રાંતિનો પવન ફુંકાયો છે તેના કારણે સત્તા પરિવર્તનો થશે,તેમજ ઉપભોગવાદી જીવનશૈલીના કારણે આર્થિક મંદીને વેગ મળશે.રાજકીય અને આર્થિક અધાંધુધીનો માહોલ સર્વત્ર જોવા મળશે.૨૦૧૨ના વર્ષમાં અમેરિકા અને ઇરાનના કથળેલા સબંધોને કારણે એક નવા યુધ્ધના મંડાણ થઇ રહ્યા છે.જે વિશ્વશાંતિને જોખમાવી શકે છે.યુધ્ધ અને રાજકીય અસ્થિરતાઓ આર્થિક મંદીમાંથી બહાર આવવાના પ્રયત્નોમાં બ્રેક લગાવશે.

ભારત માટે ૨૦૧૨નું વર્ષ કપરો સમય આવી રહ્યો છે.આર્થિક મંદીની ઝપટમાં દેશ આવી શકે છે.

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**www.jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપર ન્યુ ઝ અને ઇવેન્ટ વિભાગમાં જોઇ શકાશે.

# નવક્રાંતિ

૨૦૧૧નુ વર્ષ ચાલ્યુ ગયું છે.૨૦૧૨ના નવા વર્ષનો ઉદય થયો છે.ગત વર્ષે આર્થિક ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે ઘણી બધી ઉથલપાથલો કરી છે.દાયકાઓથી સત્તા ઉપર ચોંટી રહેલા સરમુખ્યતારોના ભુંડા હાલ થયા છે.કોઈએ દેશ છોડ્યો તો કોઈએ દુનીયા. આમ ૨૦૧૧નું વર્ષ લોકક્રાંતિનું વર્ષ બની રહ્યું.લોકશક્તિને મળેલી સફળતાને કારણે હજુ પણ કેટલાંક રાષ્ટ્રોમાં અસ્થિરતાનો માહોલ બની શકે છે.૨૦૧૨ના વર્ષમાં અમેરિકાના પ્રમુખની ચુંટણી આવી રહી છે.બરાક ઓબામા ચુંટણી જીતશે કે કેમ તેના પર ભવિષ્યના અનેક સમીકરણો બદલાશે તેવું મનાઈ રહ્યું છે.અમેરિકા,ચીન, બ્રાઝિલ અને યુરોપના દેશો મંદીની ઝપટમાં આવી ગયાં છે. હજુ ઘણી આર્થિક ઉથલપાથલો જોવા મળશે. ભારતમાં અણ્ણા હજારે લોકોમાં ક્રાંતિ જેવો સંચાર કર્યો છે.વિધાનસભાની આવનારી ચુંટણીઓમાં વિવિધ પક્ષોની નજર છે.૨૦૧૨ સરકાર માટે ભારે મુશ્કેલીઓ અને અવરોધો પેદા કરશે ?

## મંતવ્ય

નવા વર્ષે નવક્રાન્તિના તંત્રીશ્રીને

પ્રિય રોબીનભાઈ,

નુતન વર્ષાભિનંદન...૨૦૧૨ના વર્ષ માટેની હાર્દિક શુભેચ્છાઓ સાથે કુશળતા પાઠવું છું. ૨૦૧૧ અને અગાઉના વર્ષોમાં આપના સામાયિક નવક્રાન્તિએ જલતી રાખેલી મશાલ બદલ નવક્રાન્તિ તથા આપને નુતન વર્ષે બીરદાવવાની તક જતી કરવા જેવી નથી.

ગીતામાં નિવેદેલું છે કે 'કામ કર્યે જા કામ કર્યે જા ; જોવા વાળો જોશે તું કામ કર્યે જા '.વળી પવિત્ર બાયબલનું પણ આ પ્રશસ્તિસુચક સુત્ર છે કે 'પ્રભુમાં તમે કરેલું કોઈ કામ નિરર્થક નથી'.એ તરફ દૃષ્ટિપાત કરીએ તો પત્રકારત્વની આપની સેવા અતિ ઉત્તમ અને સાર્થક રહેલી છે.આપણા સમાજમાં પત્રકારત્વક્ષેત્રે ખુબ ઓછી વ્યક્તિઓએ ઝંપલાવ્યું છે. તેમાં આપની સેવા ગણનાપાત્ર રહેલી છે.

સમાચાર માધ્યમના સામાયિકો માહિતી આપવાનું કામ કરે છે.તદ્ઉપરાંત તેમાં વિવિધ વિષયે અપાતા લેખોદ્વારા આ સામાયિક વિચારક્રાન્તિનું પણ કામ કરે છે. નવક્રાન્તિ છેલ્લા વીસ વર્ષોથી આ ક્ષેત્રે જે સેવા બજાવી રહેલ છે તે નાનીસુની નથી. વિવિધ સામાયિકોમાંથી તથા કટારલેખકો પાસેથી સંપાદન કરીને તમે નવક્રાન્તિમાં જે વિચારપ્રેરક અને સમાજોપયોગી વાનગી પીરસી રહેલા છો તે નિરર્થક નથી થતી.

બિનખ્રિસ્તીઓ સહિત ખ્રિસ્તીઓની જાણકારી અને હિત માટે દેશના સહિત આંતરરાષ્ટ્રીય કક્ષાના સમાચારો તમે આપો છો તે વિશેષ કરીને ખ્રિસ્તી સમાજ માટે અતિ ઉપયોગી થઈ પડે એવા અને લખાણો તથા વ્યક્તવ્યો માટે સંદર્ભ તરીકે કામમાં લઈને મંડળી તથા સમાજને જાગૃત કરી શકાય એવા હોય છે.આ કામ સાથે સંકળાયેલા સમાચાર સંપાદક શ્રી સંજય પોલ ચૌહાણની સંપાદન સેવા કદરપાત્ર છે.તા. ૧૭-૧૨-૨૦૧૧ના અંકમાં ફાધર વિલિયમ દ્વારા સદ્ભાવના ફોરમના સંમેલનમાં રજુ કરાયેલા સમયસરતા,વિચારો અને વ્યકત્વ પ્રશંસનીય છે. તેમાં ફાધર વિલિયમે મિશનરીસેવા અને 'ધર્માંતરણ' સંદર્ભે જે મુદ્દાઓ રજુ કરેલા છે તે બદલ સમાજવતી તેઓ અભિનંદનના અધિકારી છે. તંત્રી તરીકે આપના સંક્ષિપ્ત અને વિચારપ્રેરક તંત્રીલેખોની હું કદર કરું છું.

આ સામાયિક દ્વારા જાહેર ઉપરાંત ખુણેખાંચરેથી ખોળી કાઢીને તમે જે બાબતો વાચકો સમક્ષ રજુ કરો છો તે દ્વારા તમારી સંશોધનવૃત્તિ અને સમાજને કશું નવું આપવાનું તમારુ વલણ પારખી શકાય છે.

આપની સેવાની કદર કરતાં નવા વર્ષ સહિત આગામી વર્ષોમાં પણ આપના તરફથી પત્રકારત્વની સંગીન સેવાઓ સમાજને મળતી રહે અને આ ક્ષેત્રે વધારે ધગશથી કામ કરવા માટે ઈશ્વર આપને સાહિત્યિક અને પત્રકારત્વ પ્રત્યેની વિશેષ શક્તિ અને નવીન દૃષ્ટિ પ્રદાન કરે એવી પ્રાર્થના છે.

ડૉ.સુરેન્દ્ર આસ્થાવાદી, નડીયાદ(૯૮૨૫૯૨૮૩૪૨)

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# સામાજિક ક્રાન્તિના સર્જક ઈસુ

જેમની જન્મ જયંતી આખું વિશ્વ ૨૫મી ડિસેમ્બરે પૂરી ભવ્યતાથી ઊજવે છે એ ભગવાન ઈસુની ઐતિહાસિકતા વિશે કોઈ શક કે શંકા નથી. તે વખતના પેલેસ્ટાઈનના નાનકડા અજાણ્યા ગામ બેથલેહેમમાં જન્મેલા ઈસુ નાઝરેથ નગરની ગલીઓમાં ઉછર્યા હતા યૃવાન વયે યહૂદીઓનાં સભાગૃહોમાં જઈને ઉપદેશ આપતા, ઈશ્વરના રાજ્યના શુભ સમાચાર ફેલાવતા, બધી જાતની માંદગી અને રોગો મટાડતા અને ઈસ્રાયેલના બધાં શહેરોમાં અને ગામડાંઓમાં ફરતા હતા. આમ ઈસુ એક ઐતિહાસિક વ્યક્તિ હતા. તે વખતના રોમન ઈતિહાસકારોએ તેમની નોંધ લીધી છે. તેમને ક્રૂસે જડાવવામાં આવ્યા હતા તેની પણ નોંધ ફ્લાવીયસ જોસેફાસ નામના યહૂદી રોમન ઈતિહાસકારે એક ફકરામાં લીધી છે. સુટોનસ નામના ઈતિહાસકારે ઈસુના મૃત્યુના બાર વર્ષ પછી નોંધ્યું છે કે ક્રિસ્તુસ નામની એક વ્યક્તિ યહૂદીઓમાં બળવો (ઉપદ્રવની સ્થિતિ) ફેલાવવા જવાબદાર હતી. ઈસુના મૃત્યુ બાદ રોમન સમ્રાટ નીરોના સમયમાં ખ્રિસ્તીઓ પર અત્યાચાર કરવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ ઈતિહાસકાર ટેસીટસે કર્યો છે.

ઈસુનો જન્મ એક નવી સામાજિક ક્રાન્તિની શરુઆત કરે છે. એવી ક્રાન્તિ જેણે સતા સ્થાપિત માળખાને હચમચાવી નાખ્યું. યહૂદીઓને મિસર (હાલના ઈજિપ્ત)ની ગુલામીમાંથી મુક્ત કરાવનાર નેતા મોશેના કાનૂન "ખૂન કરવું નહીં, ખૂન કરનારને અદાલતમાં જવાબ દેવો પડશે" થી આગળ વધીને ઈસુએ કહ્યું "તમારા ભાઈનો તિરસ્કાર કરશો તો નરકના અગ્નિને પાત્ર થશો" તેમણે એક નવી સામાજિક વ્યવસ્થાનો સંદેશ આપ્યો જ્યાં નાત-જાત, ભેદભાવ કે વાડાબંધી નથી પણ માત્ર પ્રેમ, ક્ષમા, સમાનતા, પાડોશીધર્મ, શાંતિ અને સંવાદિતા છે. એક નવા જ સમતામૂલક સમાજનું - ઈશ્વરના રાજ્યનું બ્યુગલ ઈસુએ બજાવ્યું.

ઈસુએ એક નવી જ જીવનશૈલી આપી: પડોશી ભૂખ્યો હોય તો પહેલાં એને જમાડવો પછી તારે ખાવું. કોઈ એક તમાચો મારે તો બીજો ગાલ ધરવો. નૈવેદ્ય ધરાવતાં તમને યાદ આવે કે તમારો ભાઈ નારાજ છે તો નૈવેદ્યને વેદી આગળ પડતું મૂકી એની માફી માગવી. તમારો ભાઈ તમારો અપરાધ કરે તો સિત્તેર ગુણ્યા સાત વાર એને માફી આપવી. એક માઈલ ચાલવાની કોઈ ફરજ પાડે તો તેની સાથે બે માઈલ ચાલવાનો ચાલ લાગુ પાડવાનું એમણે કહ્યું. કોઈને ઉછીનુ આપ્યા પછી પાછું માગવું નહી, પાછું મળે એવી આશા રાખવી નહીં. તમને રંજાડનાર માટે દુવા માંગવાની ઉદાત્ત ભાવના ભગવાન ઈસુ સિવાય બીજા કોના હૃદયમાં જન્મે?

ઈસુએ તો એટલે સુધી કહ્યું છે કે તમારા ઉપર પ્રેમ રાખે એમના ઉપર જ પ્રેમ રાખો તો એમાં પુણ્ય શું કર્યું? તમારું ભલું કરે તેમનું જ તમે ભલું કરો એમાં તમે પુણ્ય શું કર્યું? તમારે તો તમારા શત્રુઓ પર પણ પ્રેમ રાખવાનો છે અને તેમનું ભલું કરવાનું છે. આવો સમાજ હોય ત્યાં કોઈ ઝગડા કે કંકાસને અવકાશ રહે? ઘૃણા કે તિરસ્કારને પગ મૂકવાની જમીન મળે? ઈસુએ ધર્મ અને સમાજ અને વંશ અને વર્ગો વચ્ચેની દીવાલ તોડી નાખી. ઈસુએ કુટુંબ-કુટુંબ વચ્ચેની ભેદરેખાઓ ભૂંસી નાંખી. સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટીસ વી.આર. કૃષ્ણ ઐયર કહે છે, માનવ-ગૌરવ, આંતરિક ઈશ્વરત્વ અને તકલીફમાં હોય તેવી કોઈ પણ વ્યક્તિ પ્રત્યે ઋણ અને ફરજ સમજી એને પૂરા ભ્રાતૃભાવથી મદદ કરવી એ ઈસુના ન્યાયશાસ્ત્રનો સાર છે.

ગરીબ સુથારને ત્યાં ઉછરેલા ઈસુના સાથીઓ ગરીબ કામદારો અને અબુધ માછીમારો હતા. ગરીબગુરબાં, માંદા, આંધળા, લૂલાં અને અસહાય માનવીઓ એમની આસપાસ વીંટળાયેલા રહેતાં. પોતાનું જાહેર જીવન શરુ કરતી વેળા ઈસુ યરુશાલેમના મંદિરમાં ગયા હતા જ્યાં તેમણે પોતાનું મિશન જાહેર કર્યું હતું કે " હું બંદીવાનોને મુક્તિદાન અને અંધજનોને દૃષ્ટિદાન આપવા અને દલિતોને મુક્ત કરવા આવ્યો છું." એમણે એ મિશનને સિદ્ધ કરવા પ્રાણની આહૂતિ આપી. ધર્મના ઠેકેદારો સામે બળવો પોકાર્યો જેને કારણે છેવટે તેમને ક્રૂસ ઉપર મૃત્યુદંડ મળ્યો. ઈસુનો સંદેશ અનુસરનારને કશાનો ભય રહેતો નથી.

આજે લોકો એક બીજાનો તિરસ્કાર કરી રહ્યા છે, ભાઈ અને મિત્રના ખૂનના પ્યાસા બન્યા છે, આતંકવાદ અને ભ્રષ્ટાચારે માઝા મૂકી છે ત્યારે ઈસુ અત્યંત પ્રસ્તુત બની જાય છે.

નવીન મેકવાન (આણંદ)

**જાહેરાત માટે સંપર્ક કરો**
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

### આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧
મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી સુનીલકુમાર એમ. ઈમાનુએલ સોસા.ભાલેજ રોડ, આણંદ.૧ મો.૯૭૧૨૭૪૫૧૯૫
૦૨૬૯૮૨-૨૫૯૨૩૪
૩.શ્રી ગીદીયોલ પોલ, કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

### નુતન વર્ષાભિનંદન !

ખ્રિસ્તી સમાજના તમામ ભાઈઓ અને બહેનો ને અમારા કુટુંબ તરફથી ૨૦૧૨ના નવીન વર્ષમાં પ્રવેશતા શુભેચ્છાઓ પાઠવીએ છીએ.આપ સહુને ઈશ્વર પુષ્કળ આર્શીવાદ આપો અને સફળ બનાવો એવી પ્રાર્થના

એસ.કે.અમીન તથા કુટુંબ
આર્શીવાદનગર,
રામતલાવડી,
નડિયાદ.જી.ખેડા

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ **નીલા ફાઇનાન્સ** ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# લોકપાલનો કોમિક રીયાલીટી શો

થોડાં વર્ષ પહેલાં મુંબઈની એક અતિ વિખ્યાત હોટેલના પ્રાંગણમાં એક એવોર્ડ વિતરણ સમારંભ યોજાયેલો. એમાં શરત એ વી હતી કે રાત્રે દસ વાગ્યે માઈક બંધ કરી દેવામાં આવશે. પછી થયું એવું કે રંગારંગ કાર્યક્રમમાં કેટલાક ગાયકો બહુ રંગમાં આવી ગયા. એમણે મન ભરીને ગીતો ગાયાં. પરિણામે બહુ મોડું થઈ ગયું. પોણા દસ વાગી ગયા. મોટા ભાગના એવોર્ડ્સ આપવાના બજુ બાકી હતા. પછી તો જે ઝડપે એવોર્ડ અપાયા, આહાહા...ઉદ્ઘોષક લગભગ ચીસો પાડવા લાગ્યોં : એવોર્ડ લેવા જલદી આવો...દોડો...વિજેતાઓ (જેમાં કેટલાક વૃદ્ધો પણ હતા) બિચારા દોડ્યા, એવોર્ડ લેવા. એકનો એવોર્ડ બીજાને અને બીજાનો ત્રીજાને પણ કદાચ અપાયો...અંધાધૂંધી, લોચાલાપસી, ભાગાભાગી...જોણું યાદગાર બની રહ્યું.

લોકપાલ મામલો પણ કંઈક આવો જ તમાશો બની રહ્યો છે. પહેલાં કોંગ્રેસે ભ્રષ્ટાચાર વિરોધી હોવાનો દેખાડો કરવા માટે લોકપાલ બિલનો ઢીલો અને 'અમથો' મુસદ્દો તૈયાર કર્યો. એ અંચઈથી અણ્ણા એન્ડ કંપની ભડકી. એ મંડળી જાણે કજક કાઠિયાવાડી ચા બનાવી રહી હોય એમ ઉકળતી ચામાં (લોકપાલ મુદ્દામાં) મુઠ્ઠા ભરી ભરીને એમણે ચાયપત્તી (કડક જોગવાઈઓ) ઠપકારી. એ આકરી જોગવાઈ વિશે વિચારણા



કરવામાં સરકારે મોડું કર્યું એ જોઈને અણ્ણા ક્રોધે ભરાયા છેઃ આ મહિને બિલ પાસ નહીં થાય તો હું સોનિયાના ઘર સામે ઉપવાસ કરીશ. હવે અણ્ણાથી ડરતી કોંગ્રેસે એવી નીતિ અપનાવી છે કે લોકપાલ મુસદ્દામાં ધડાધડ સુધારાવધારા કરીને આવતા અઠવાડિયે ફટાફટ લોકસભામાં બિલ પાસ કરી દેવું. પછી રાજ્યસભામાં બિલ અટકે કે વિપક્ષ વાંધા ઉઠાવે તો વાંક વિપક્ષનો, આપણે છુટ્ટા...ટૂંકમાં, લોકપાલ નામનું ગરમ બટેટું ઝડપથી બીજાને પધરાવી દેવાનો કોમિક શો ચાલી રહ્યો છે.

આમ તો લોકપાલના ભાઈ જેવો સીવીસી એક્ટ, ૨૦૦૩ અને કડક મજાનો પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ આપણે ત્યાં છે જ, પણ તેનાથી ઝાઝો ફરક પડ્યો નથી. આવામાં, લોકપાલના હોદ્દા પર શોભે એવા કોઈ રામ-પરશુરામ મળી આવશે અને પછી એ દેશને 'ચોખ્ખોચણાક' કરી નાખશે એવા ખ્વાબમાં રાચવા જેવું નથી. વળી, કડક કાયદાનો અતિરેક ક્યારેક નુકસાન પણ કરી શકે.

જેમ કે, દેશના હિત માટે જરૂરી એવા કેટલાક હિંમતભર્યા નિર્ણયો લેતી વખતે પ્રામાણિક અમલદારને પણ એવો ડર લાગી શકે કે કાલે ઊઠીને કોઈ કહેશે કે આ નિર્ણય લેવામાં આ અધિકારીને આવો ફાયદો થતો જણાયો છે. પછી એ 'સંભવિત ફાયદા'ને ભ્રષ્ટ ઈરાદાના પ્રાઈમા ફેસી પુરાવા તરીકે રજૂ કરીને પેલા અધિકારી સામે કેસ ચાલી શકે. આવામાં, અધિકારીઓ પોતાની ચામડી બચાવવાની ચિંતામાં ઉપયોગી છતાં જોખમી નિર્ણયો લેવાનું ટાળવા લાગે એ શક્ય છે. બીજી તરફ, ચીનમાં બન્યું છે તેમ, કડક કાયદાને લીધે લાંચની રકમમાં વધારો થવાની શક્યતા છે. સીધી વાત છેઃ કાયદા કડક બને, લોકપાલનો જાપ્તો વધે તો લાંચ લેનાર કહેવાનોઃ જુઓ બોસ, જોખમ ઊંચું છે, માટે રકમ ઊંચી આપવી પડશે. ટૂંકમાં, કડક અને ઝાઝા કાયદાથી દેશનો ઉદ્ધાર થઈ જશે એવું માની લેવા જેવું નથી.

તો શું હાથ જોડીને બેસી રહેવાનું ? ના, અણ્ણા સાથે મળીને બૂમરાણ જરૂર મચાવીએ. એ બૂમરાણ એટલી અકસીર છે કે વગર લોકપાલે, એકલી બૂમરાણને જોરે, કલમાડી-રાજા અંદર થઈ ગયા. સરવાળે, જોર કાયદાઓમાં કે અણ્ણામાં નથી, જનતામાં છે. અણ્ણા દાયકાઓથી લડી રહ્યા છે, પણ એમની લડતમાં જ્યારે દેશ આખો જોડાયો ત્યારે એ અચાનક મહાપુરુષ બનીને ઊભર્યા. મૂળભૂત રીતે અણ્ણા એક પ્રામાણિક અને ભોળા માનવી છે.

એમની સૌથી મોટી લાયકાત એ છે કે એમને માટે બે જોડી કપડાં, થોડાં વાસણ, એક ખાટલો ને એક ઓરડી પૂરતાં છે અને એ લાંબા સમય સુધી ભૂખ્યા રહી શકે છે. આ ઓલિયો માણસ દેશપ્રેમી છે માટે એ આદરણીય છે. આવામાં, સરકારને સીધીદોર રાખવા માટે અણ્ણાની પડખે રહીને હોબાળો મચાવવામાં કશું ખોટું નથી. એ જ તો અણ્ણાની સાચી ઉપયોગિતા છે કે એમને માધ્યમ બનાવીને પ્રજા પોતાનો આક્રોશ દિલ્બી દરબાર સુધી પહોંચાડી શકે છે.અણ્ણા આપણા આક્રોશના પ્રતિનિધિ છે અને પ્રામાણિકતાના પ્રતીક છે, એટલું જ. ધેટ્સ ઈટ! એ કોઈ વિચક્ષણ મહાપુરુષ નથી. એ લોકનાયક છે, પણ જેપી નથી. એ સરદાર છે પણ વલ્લભભાઈ નથી. એ મહાત્મા છે, પણ ગાંધી નથી. માટે, અણ્ણા આંદોલનમાં જરૂર જોડાઈએ પણ સાથોસાથ યાદ રાખીએ કે અણ્ણા દેશમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરી શકે તેમ નથી અને લોકપાલ બિલથી ઝાઝું કશું વળવાનું નથી. ટૂંકમાં, અણ્ણા-આંદોલનથી ભ્રષ્ટાચાર નાબૂદ થાય કે ન થાય, આક્રોશની સચોટ અભિવ્યક્તિ જરૂર થશે એવી સ્પષ્ટતા સાથે આગળ વધીએ તો સારું પડે. શું કહો છો ?

(સૌઃ દિ.ભા.) લેખકઃ દીપક સોલિયા


**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


# સફળતાની ચાવી સુખ છે

માણસને સતત સુખની શોધ રહેલી છે. એને ખબર નથી કે, સુખ શામાં છે ?જીંદગીનો અર્થ શોધવા નીકળીએ તો જીવી શકાય એમ નથી,એવી જ રીતે સુખનો મતલબ શોધ્યા કરીએ તો ક્યારે સુખી થઈ શકાશે નહી, સુખ શામાં છે ? ખબર જ નથી. આલ્બર્ટ સ્વાઈન્જરે કહ્યું છે : 'સુખની ચાવી સફળતા નથી, પરંતુ સફળતાની ચાવી સુખ છે.ખુશી અને પ્રેમથી કામ કરશો તો સુખી થશો'.માણસને માત્ર પોતાના દુઃખની બાબતમાં પ્રમાણિક થવાથી ચાલતું નથી, પોતાના સુખની બાબતમાં પણ પ્રામાણિક થવું પડે છે.માણસને સુવિધા અને વૈભવવિલાસ એ બે વસ્તુઓ જ જીવનની મુખ્ય જરુરીયાતો હોય એ રીતે વર્તે છે,ખરેખર એવું નથી. સુખી થવા માટે તો આપણામાં જીવનને જીવવાનો અદમ્ય ઉત્સાહ હોવો જોઈએ. સુખ એ મુખ્યત્વે તો આપણામાં પરિપુર્ણતા પ્રાપ્ત કરવાની આપણી મથામણોમાંથી મળતી આડપેદાશ છે. ઓડિથ વાર્ટને કહ્યું છે કે ,'આપણે સુખી થવાનો પ્રયત્ન છોડી દઈશું તો સારી રીતે જીવી શકીશું.'આપણે કહીએ છીએ કે તમે કેટલું જીવ્યા એમ નહી, પણ કેવું જીવ્યા ?એ મહત્વનું છે. એ જ રીતે રોબર્ટ ફોસ્ટે કહ્યું છે : 'સુખ કેટલું લાંબુ ટકે છે તે નહી, પરંતુ કેટલી ઉચ્ચ કક્ષાનું છે તે મહત્વનું છે.'જેનામાં માણસાઈ છે, માનવતા છે એ તો એના સુખમાં કેટલા ભાગીદાર થાય છે,એમાં જ સુખ માણે છે.માણસનું મન મેલું ના હોવું જોઈએ. એના મનમાં શુધ્ધતા હોવી જોઈએ. ભગવાન બુધ્ધે પણ કહ્યું છે: 'જો માણસ શુદ્ધ વિચારથી બોલો કે, એજ રીતે આચરણ કરે તો કદી અલગ નહી થનાર પડછાયાની જેમ સુખ તેને અનુસરે છે 'આપણે કહીએ છીએ કે , નિયત સાચી હોવી જોઈએ. હેલન કેલરે કહ્યું છે : 'સુખનો એક દરવાજો બંધ થાય તો બીજો ખુલે છે, પરંતુ આપણે મોટા ભાગે બંધ દરવાજા સામે તાકી રહીએ છીએ જેથી ખુલ્લો દરવાજો દેખાતો નથી.'અગત્યની બાબત એ છે કે માણસ જેના વિશે વધુ જાગૃત બને એ વધારે બગડે છે.જે કૃષ્ણમુર્તિએ કહ્યું છે : 'સુખ વિશે સજાગ બનો એ ક્ષણે જ સુખ ચાલ્યું જાય છે.'કોઈ પણ બાબત વિશેની વધારે પડતી સભાનતા એ દુઃખદ હોય છે. એરીસ્ટોટલે તો કહ્યું છે : 'સ્વનિર્ભર માનવી જ સુખી રહે છે'જે પોતાની રીતે જ વિચારે છે, નિર્ણય કરે છે એ સુખી છે. માણસ જે સુખની કલ્પના કરતો હોય એ એને મળતું હોય તો એમાં જ રચ્યોપચ્યો રહે છે. જે કૃષ્ણમુર્તિએ કહ્યું છે :' જ્યારે તમે દુઃખી થાવ છો ત્યારે જ તમે સુખ માંગો છો અને એજ વખતે પ્રશ્ન ઊભો થાય છે :સાચું અને શાશ્વત સુખ ક્યું ?' એમણે જ આગળ કહ્યું છે : 'સુખ શી ચીજ છે એમ પુછવાને બદલે આપણે શા માટે દુઃખી છીએ એ શોધી કાઢવું ,શું જરુરી નથી ?'માણસે પોતાની જાતને પ્રશ્ન પુછવાનો છે ,પોતે શું ઈચ્છે છે ?અથવા પોતે કોને સુખ માને છે ? દલાઈ લામાએ કહ્યું છે : 'બીજાને સુખી કરવા માનતા હોવ તો કરુણાભાવ રાખો, તમારે સુખી થવું હોય તો પણ કરુણાભાવ રાખો'સુખ અને દુઃખ એક સિક્કાની બે બાજુ છે. કાર્લ યુને કહ્યું છે :સુખી જીવનમાં પણ દુઃખ હોય તો તેનો કોઈ અર્થ નથી. તેથી દુઃખ ન હોય તો સુખનું મહત્વ જ નહી રહે,અંધકાર અને પ્રકાશ દ્વારાજ એકબીજાનું મહત્વ છે. બર્નાલ્ડ રસેલે કહ્યું છે : 'આવડતનો પુર્ણ ઉપયોગ અને દુનિયાની પુર્ણ અનુભુતિનો સમન્વય એટલે સુખ'. જે માણસ બંને પાસાને સરખી રીતે રાખી શકે તે દુઃખી થતો નથી. ગટેએ કહ્યું છે : 'સૌથી વધુ સુખી માણસ એ છે કે, જે પોતાની જીંદગીના અંત અને આરંભ વચ્ચે સબંધ સ્થાપવાનું બરાબર જાણે છે.'ખરેખર તો સુખ અને દુઃખ એ મનનો જ ભાવ છે. એલ એસ્ટેન્જે કહ્યુ છે : 'કોઈ સ્થળ કે સ્થિતિ નહી, પણ કેવળ મન જ માણસને સુખી કે દુઃખી કરી શકે છે.'એનાથી આગળ વધીને પાસ્કલે કહ્યું છે : 'સુખ કેવળ આપણી અંદર પણ નથી એમ માત્ર બહાર પણ નથી, ખરેખર તો સુખ એ આપણી જાત અને પરમાત્માનુ સાયુજ્ય છે'આપણે પરમાત્મા સાથે ઐકય અનુભવીએ પછી દુઃખનો પ્રશ્ન તો રહેતો જ નથી. માણસ બીજાઓ કરતાં વધારે સુખી કેવી રીતે થવાય એના જ પ્રયત્ન કરતો હોય છે. એને જે મળ્યું છે, એમાં ધરપત રહેતી નથી.મોન્તેસ્કે કહ્યું છે :'માણસે જો ફકત સુથી જ થવું હોય તો એ સહેલાઈથી સિધ્ધ થઈ શકત,પરંતુ આપણે તો બીજાઓના કરતાં વધારે સુખી થવું છે... અને એ હંમેશા મુશ્કેલ નીવડે છે.'સ્પર્ધા એ દુઃખનું કારણ બને છે. હિરોડોટ્સે કહ્યું છે :' કોઈ માણસને એની જીંદગીનો અંત તમે જાણો નહી ત્યાં સુધી સુખી રહેશો નહી,ત્યાં સુધી તેને માત્ર ભાગ્યશાળી જ માનજો'આપણી સુખની વ્યાખ્યા એ બીજાની નજરે જોવાનો પ્રયત્ન કરીએ છીએ.બીજાને કેવું લાગે છે, એ દેખાડામાં જ આપણું સુખ પર્યાપ્ત થતું હોય છે. ગોલ્ડસ્મિથે કહ્યું છે : ' આપણી જાતને સાચેસાચ સુખી કરવા માટે આપણે જેટલો પરિશ્રમ કરવો જોઈએ એના કરતાં આપણે વધુ સુખી છીએ એવું લોકોને ગળે ઉતારવામાં વધુ કષ્ટ ઉઠાવીએ છીએ 'હું બીજા કરતાં સુખી છુ,એવો સભાનતાપુર્વકનો પ્રયત્ન જ માણસને દુઃખી કરે છે. ગાંધીજીએ સ્પષ્ટ રીતે કહ્યું છે :'સુખનો મોટો ભાગ આપણી પ્રકૃતિ પર આધારિત છે,સંજોગો પર નહી.'કોઈપણ સંજોગોમાં આપણી પ્રકૃતિ બદલાયનહી,તો પછી દુઃખ ક્યાંથી હોય.

ડૉ. કિશોરસિંહ સોલંકી (સૌ.સંદેશ)


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮

**મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦**



અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,
**જીવન સાહિત્ય ભંડાર,**
લોરેન્સ એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),અમદાવાદ.૮

**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨

નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ,
નડીયાદ.૨
શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ,
નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી,
નડીયાદ.૨



**www.christianmatrimonial.in**

સમગ્ર વિશ્વના કોઈપણ ખુણાંમાંથી આપના દીકરા-દીકરીઓ માટે યોગ્ય પાત્ર મેળવવા માટે એક અજોડ સાઈટ કે જે.

(૧) જેની અર્પણવિધિ સી.એન.આઈ,ગુજરાતના માનનીય બિશપશ્રી માલવીયા સાહેબના હસ્તે કરવામાં આવેલ છે.

(૨) રજીસ્ટ્રેશન તદ્દન મફત છે.

(૩) સમગ્ર વિશ્વના કોઈપણ દેશનાં ક્રિશ્ચિયન દિકરા-દીકરીઓ મેમ્બર થવાથી બહોળી પસંદગીનો અવકાશ છે.

(૪)જે તે ચર્ચના પાળક/ પાદરી/ફાધરનું સર્ટીફીકેટ આપનારનેજ સભ્ય બનાવવામાં આવે છે જેથી નકલી રજીસ્ટ્રેશનની શક્યતાઓ નહીવત રહે છે.

મફત મેમ્બર થવા માટે અને વધુ વિગત માટે અમારી સાઈટ **www.christianmatrimonial.in** નો સંપર્ક કરવા વિનંતી છે.

ડો.ગીરીષ પી.પરમાર,
૩૦૩-૩૦૫,રાધે પાર્ક,ક્રિશ્ના પાર્ક પાસે
દાંડી રોડ,જહાંગીરાબાદ, સુરત. મો.૯૯૨૫૨૩૧૭૦૩

## સમાચારો સંક્ષિપ્તમાં.......

હુબલી, કર્ણાટકમાં ૩૦ હજારથી વધુ ની સંખ્યામાં એકઠા થયેલા ખ્રિસ્તીઓની પ્રાર્થના સભાને હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા તોડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

નાઈજીરીયામાં ગાઈડામ ખાતે આઠ ચર્ચોને બાળવામાં આવ્યા હતા.તેમજ પોલીસ સ્ટેશન અને નજીકમાં આવેલી કેટલીક દુકાનોને પણ આગ ચાંપવામાં આવી હતી.

ઈરાનીયન પાસ્ટર યુસુફ નાદરખાનીને હજુ એક વર્ષ જેલમાં વિતાવવા પડશે કારણકે તેમણે તેમનો વિશ્વાસ બદલવાની સ્પષ્ટ ના પાડી હતી. તેમના પર ઈસ્લામ ધર્મનો અંગીકાર કરવા માટે દબાણ કરવામાં આવ્યુ હતું જે તેમણે નહી સ્વીકારતા તેમની સજામાં એક વર્ષનો વધારો કરવામાં આવ્યો છે.

ઈથોપીયામાં ૫૦૦ વિદ્યાર્થીઓના એક ટોળાએ પોલીસનો સાથ લઈને ક્વોટો બાલાસો ખાતેનું એક ચર્ચ સળગાવી દીધું હતું.

કાઠમંડુ ખાતે આવેલ નવજીવન ચર્ચના પ્રવેશદ્વાર નજીક કટ્ટરવાદીપંથીઓએ પ્લાન્ટ કરેલા એક બોંબને પોલીસે શોધી કાઢીને નિષ્ક્રીય બનાવ્યો હતો.

ઉત્તર કોરીયાના લોકપ્રિય નેતા કીમ જોંગ લી ના અવસાનથી નોર્થ કોરીયામાં વસતી ખ્રિસ્તીઓની વસતીમાં અસલામતીની ભાવના પેદા થઈ છે.

બ્રિટનના વડાપ્રધાન ડેવીડ કેમરુને કિંગ જેમ્સ બાયબલની ૪૦૦મી જયંતીની ઉજવણી નિમિત્તે આપેલ પ્રવચનમાં જણાવ્યું હતું કે બ્રિટન એક ખ્રિસ્તી રાષ્ટ્ર છે.

લોકપાલનું બિલ સંસદના શિયાળુ સત્રમા પસાર થવાની સંભાવના હતી જે પુરી થઈ નથી.તેમજ લોકપાલના અસરકારક બીલ માટે અણ્ણાએ યોજેલા ઉપવાસ પણ બીજા દિવસથી અધુરા છોડી દેવામાં આવ્યા છે.

સાઈબેરીયામાં ધર્મગ્રંથ ભગવત ગીતા પર પ્રતિબંધના મુદ્દે ભારતમાં મચેલા હોબાળાને કારણે રશિયાએ આ ઘટના અંગે ખેદ વ્યક્ત કર્યો હતો.ભગવત ગીતાને કટ્ટરપંથી સાહિત્ય ગણાવીને તેના પર સાઈબેરીયાની કોર્ટ દ્વારા મુકવામાં આવેલા પ્રતિબંધને કારણે હિંદુઓની લાગણી દુભાઈ છે.સંસદમાં તેનો ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. રશિયન અદાલતે તેનો ચુકાદો ડીસેમ્બર ૨૮ સુધી મુલતવી રાખ્યો હતો.કોર્ટે પ્રતિબંધ મુકવાની પીટીશનને બાતલ કરી છે.

અમદાવાદમાં હરેક્રિશ્ના પંથના રશિયન સાધુઓને ગીતા પ્રચાર માટે ભાષાની ગેરસમજને કારણે હેરાનગતિ વેઠવી પડી છે.

બજાજ કંપનીએ ટાટા નેનો નાની કારના મોડલ સામે પોતાનું નાનું મોડલ રી-૬૦ બજારમાં મુક્યું છે.તેમજ ટાટાની કિંમત કરતાં ઓછી કિમતે કાર વેચવાની તૈયારી બતાવી છે.

ટ્રેઈન ટિકિટનું બુકિંગ યોગ્ય સોફ્ટવેરના ડાઉનલોડિંગ બાદ મોબાઈલ ફોન પરથી થઈ શકશે.મોબાઈલ ફોનથી બુકિંગ કરાવી લીધા બાદ પેસેન્જરને પીએનઆર નંબર, ટ્રેન નંબર,મુસાફરીની તારીખ, અને ક્લાસ સહિતની ટિકિટની સંપુર્ણ વિગતો સાથે રીઝર્વેશન મેસેજ મળી શકશે.ટિકીટ બુક કરાવ્યા બાદ કન્ફર્મ ટિકિટનો મેસેજ મળતો હોવાથી તેમના માટે ઈ-ટીકીટના પ્રિન્ટ આઉટની જરુર રહેશે નહી.

ઓસ્ટ્રેલીયામાં રમાતી ક્રિકેટ ટેસ્ટ શ્રેણીમાં ભારતે તેનું કંગાળ પ્રદર્શન જારી રાખ્યું હતું.ધરખમ મનાતા ભારતીય બેટસમેનો કાંગારુ બોલરો સામે ઘુંટણો ટેકવી દીધા હતા.ફરીથી વાઈટવોશનો તખ્તો તૈયાર થઈ ગયો છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## સાવધાની માણસને સફળતા અપાવે છે.

ગુજરાતીમાં કહેવત છે : 'ચેતતા નર સદા સુખી 'જે માણસ પોતાના જીવનમાં બધા જ ક્ષેત્રોમાં સાવધાની રાખીને આગળ વધે છે તો એને આંચ આવતી નથી.સાવધાની માણસને સફળતા અપાવે છે.આપણે જ્યાં હોઈએ ત્યાં, આપણાં આંખ-કાન ખુલ્લા રાખીએ અને જોતા સાંભળતા રહીએ.આપણા માટે જે યોગ્ય હોય એનો ઉપયોગ કરીએ. જે અયોગ્ય હોય એને છોડી દઈએ. અહી પણ સાવધાન રહીને યોગ્ય-અયોગ્ય નો વિવેક કરવો જોઈએ.એ બે વચ્ચેનો ભેદ જે લોકો જાણતાં નથી એ ક્યાંક ગબડી પડે છે. એટલે કે અટવાઈ જાય છે.આપણે જે ક્ષેત્રમાં આગળ વધવું હોય, એમાં ઝીણાંમાં ઝીણી બાબતની સાવધાની જરુરી છે.એવું કહેવાય છે કે જે માણસ સામાન્ય અને ઝીણી બાબતનું ધ્યાન આપતો નથી તે આગળ વધતો હોવા છતાં,ક્યારેક ગબડી પડે છે.એક વખત પ્રગતિના સોપાન સર કરે, એને જાળવી રાખવા માટે સાવધાન રહેવું એટલુંજ જરુરી ગણાય છે.આપણે માણસ છીએ. એક માણસ બીજા માણસ સાથે સબંધ રાખે તે જરુરી છે.પણ એમાંય વિવેકભાન એટલુંજ અગત્યનું છે.નકામા માણસ સાથે સબંધ રાખવાથી આપણી બે આની ઓછી થતી હોય છે.સબંધોની સભાનતા હોવી જોઈએ. નહીતર ક્યારે ઉલમાંથી ચુલમાં પડાય છે.એના કારણે અણધાર્યા પરિણામો આપણી વિરુધ્ધમાં આવતા હોય છે.તેથી ચેતીને ચાલવાની જરુરીયાત પર ભાર મુકવામાં આવે છે.જે સાવધાન રહે છે એને શોષવું પડતું નથી.ગુજરાતીમાં કહેવત છે :'જાગતાની પાડી અને ઊંઘતાનો પાડો 'જે જાગે છે તે મેળવે છે, જે ઊંઘે છે તે ગુમાવે છે.આપણે ક્યારે કેટલા સાવધાન રહેવું એનું પ્રમાણભાન પણ જરુરી છે.'રોમ ભડકે બળતું હતું ત્યારે નિરો ફિડલ વગાડતો હોય' એ સાવધાની ન ગણાય.પોતાના રાજના ક્યા ખુણે ક્યું પંખી ફફડાટ કરે છે, એની જાણકારી રાજાને હોવી જોઈએ.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


## આપણે ક્યાં પહોંચી ગયા?!

આખા વિશ્વમાં મહિલાઓ માટે સૌથી ખતરનાક દેશોમાં ભારતનો ચોથો નંબર જાહેર થયો છે. આ દેશમાં દેવીની પૂજા થાય છે. પહેલાં દેવીનું નામ લેવાય છે. બે નવરાત્રિઓ ઉજવવામાં આવે છે. એવું કહેવાય છે કે જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવો નિવાસ કરે છે. તો પછી આવી સ્થિતિ શાથી ઉભી થઈ? આજે કેમ એવા સમાચાચર છપાય છે કે આ દેશમાં સ્ત્રીઓને જીવતી સળગાવવામાં આવે છે, ગર્ભમાં જ તેને મારી નાખવામાં આવે છે, સ્ત્રીઓની ઈજ્જતના નામે (ઓનર કીલીંગ) હત્યા કરવામાં આવે છે, સ્ત્રી પર તેજાબ નાંખીને તેનો ચહેરો વિકૃત કરી નાંખવામાં આવે છે, જ્યાં સ્ત્રીઓને વેચી દેવામાં આવે છે, સરેઆમ તેની છેડતી કરવામાં આવે છે. એકવીસમી સદીના આ બીજા દસકાની સ્થિતિ છે કે જ્યારે વૈજ્ઞાનિક પ્રગતિના સર્વોચ્ચ શિખરે પહોંચવાની વાત કરી રહ્યા છીએ.

ભારતની આપણે કેવી દુર્દશા કરી નાખી છે? આ સર્વે ઘરેલુ હિંસા, સ્ત્રીઓ પર થતા તેજાબના હુમલા, બળાત્કાર તથા તેના પ્રત્યે રાખવામાં આવતા ભેદભાવ પર આધારિત છે. આ બધું બહુ ભયંકર છે.

'લેન્સેટ' સામયિકે એક સનસનાટીભર્યો આંકડો આપ્યો છે કે છેલ્લાં ત્રીસ વર્ષોમાં ભારતમાં પૈસાદાર લોકોના ઘરોમાં ૪૨ લાખથી ૧૨૧ લાખ કન્યાભ્રૂણની હત્યાઓ થઈ છે, જેમને ત્યાં પહેલું સંતાન કન્યા હતી. એમણે ખૂબ કુશળતાથી સિલેક્ટીવ એબોર્શન કરાવ્યું ને કોઈને ખબર પડવા ન દીધી. એમ છતાં સામયિકને ગમે તે રીતે આંકડા મળી ગયા. એક છોકરો હોવો જોઈએ અને એક છોકરી એવી માન્યતા આપણું માનસિક પછાતપણું બતાવે છે.

બ્રિટિશ સામયિક લખે છે કે આ કાળજું ચીરી નાંખે તેવા આંકડા બતાવે છે કે ભારતની માનસિકતા કઈ રીતે ગ્લોબલ પ્રમાણને બગાડી રહી છે. વિશ્વના બીજા વિકાસશીલઅને વિકસિત દેશોમાં આવું નથી.

માનવ વ્યાપાર તથા ભ્રૂણ હત્યા પછી ત્રીજી શરમજનક બાબત એ છે કે, યૌનહિંસાની બાબતમાં આપણે સૌથી ાગળ છીએ. આ યૌનહિંસા સભ્ય સમાજની બીમાર માનસિકતા અને સ્ત્રી વિરોધી ચિંતનની ઉપજ છે. ઓછાં કે તંગ કપડાં પહેરનારી ફેશનેબલ યુવતીઓ જ એનો શિકાર બને છે એવું નથી. પરંતુ, ગૃહિણીઓ, નોકરાણીઓ અને માસુમ બાળકીઓ પણ તેનો શિકાર બની રહી છે. સ્ત્રીને ભોગ સામગ્રી માનીને ગમે ત્યારે તેની છેડતી કરવી, તેને ઉઠાવી જવી તથા વ્યક્તિગત કે સામૂહિક બળાત્કાર કરીને તેને મારી નાંખવી કે ઘાયલ અવસ્થામાં છોડી દેવી તે આજે સામાન્ય બાબત બની ગઈ છે.

જી.એન. જરીવાલા (સુરત)



૨જી કૌભાંડમાં જેલવાસ ભોગવી રહેલા માજી મંત્રી રાજા તથા અન્યોને વર્ષાંતે ભોજનમાં વિવિધ વાનગીઓ પીરસવામાં આવી હતી.


**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-
**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૭૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.